# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

### આઠમું સત્ર

## તારાંકિત પ્રશ્નોત્તરી

## મંગળવાર, ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ (બીજી બેઠક)

----

જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓ [સામાન્ય વહિવટ - બંદરો - ખાણ અને ખનિજ - માહિતી અને પ્રસારણ - તમામ નીતિ વિષયક બાબતો અને અન્ય કોઇ મંત્રીશ્રીઓને ન ફાળવેલ તમામ વિષયો - માર્ગ અને મકાન અને પાટનગર યોજના - મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન - બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ - મહિલા અને બાળ કલ્યાણ - વહિવટી સુધારણા અને તાલીમ - આયોજન - નર્મદા - કલ્પસર - જળસંપત્તિ - પાણી પુરવઠા ].

કુલ પ્રશ્નો 56

----

### ભાવનગર જિલ્લામાં ચોરવડલા ફેઝ-૦૨ સુધારણા જુથ પાણી પુરવઠા યોજના

15/8/624 *1 શ્રી ગૌતમભાઇ ગોપાભાઇ ચૌહાણ (તળાજા):

પાણી પુરવઠા :-

માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ભાવનગર જીલ્લામાં ચોરવડલા ફેઝ-૦૨ સુધારણા જુથ પાણી પુરવઠા યોજનાની કામગીરી કયારે શરૂ કરવામાં આવેલ છે, અને

(૨) સદરહુ યોજનામાં કેટલા તાલુકા અને ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે?

----

### બનાસકાંઠા જિલ્લાના ઈકબાલગઢથી સુરેલા-ધનપુર-વિરમપુરને જોડતો રસ્તો બનાવવા

15/8/704 *2 શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):

માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકામાં ઈકબાલગઢથી સુરેલા-ધનપુર-વિરમપુરને જોડતો રસ્તો છેલ્લે કયારે મંજુર કરવામાં આવ્યો,

(૨) ઉકત સ્થિતિએ ઉકત રસ્તા બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૩) ઉકત રસ્તો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

----

## ગીર સોમનાથ જિલ્લાના એન.એચ.ટુ ઉંબરી-છગિયા મોરાસા વાવડી રોડને પહોળો કરવા બાબત

15/8/631 *3 **શ્રી ભગાભાઇ ધાનાભાઇ બારડ (તાલાલા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સોમનાથ જીલ્લાના સુત્રાપાડા તાલુકાના નેશનલ હાઈવેથી ઉંબરી છગિયા મોરાસા વાવડી રસ્તાના કામને પહોળો કરવાના કામને મંજુરી આપવા કોઈ કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને

(૩) ઉકત સ્થિતિએ ઉકત કામગીરી કયા તબક્કે છે?

----

## ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને ૨ની જગ્યાઓના માંગણાપત્રક

15/8/713 *4 **શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**સામાન્ય વહિવટ :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કેઃ

તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ની કેટલી જગ્યાઓની ભરતી પ્રક્રિયા માટે ગુજરાત જાહેર સેવા આયોગ સમક્ષ માંગણા પત્રક કયારે મોકલવામાં આવેલ?

----

## સુરત જિલ્લામાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ

15/8/643 *5 **શ્રી મનુભાઇ એમ. પટેલ (ઉધના):**

**ખાણ અને ખનિજ :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે,

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત થયેલ માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ ફાળવણી અંગે કોઈ જોગવાઈ કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે ?

----

## મહેસાણા જિલ્લાના રણસીપુર વડનગર રોડને રીસરફેસ કરવા બાબત

15/8/630 *6 **ડૉ. સી.જે. ચાવડા (વિજાપુર):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના રણસીપુર વડનગર રોડને રીસરફેસ કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે?

----

## અમરેલી જિલ્લામાં મહી આધારીત જુથ યોજનાનું પાણી પુરુ પાડવા

15/8/647 *7 **શ્રી જયસુખભાઇ વલ્લભભાઇ કાકડિયા (ધારી):**

**પાણી પુરવઠા :-**

માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લાના બગસરા, અમરેલી તથા કુંકાવાવ તાલુકાના ગામોને મહી આધારીત જુથ યોજનાનું પાણી પુરુ પાડવા સરકારે શી કાર્યવાહી કરી છે,

(૨) ઉકત સ્થિતિએ કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૩) કેટલા ગામોને લાભ થનાર છે?

----

## તાપી જિલ્લામાં પાણી પુરવઠો શરૂ ન થયા અંગેની ફરિયાદો

15/8/719 *8 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**પાણી પુરવઠા :-**

માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી જિલ્લામાં તાલુકાવાર સંપ અને ટાંકીમાંથી આપવામાં આવેલ પાણીના જોડાણોમાં પાણીનો પુરવઠો શરૂ થયો નહિ હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી,

(૨) ઉકત સ્થિતિએ ઉકત ફરિયાદો અન્વયે સંબંધિત પ્રોજેકટો માટે સરકાર દ્વારા રીવ્યુ અથવા સ્પેશીયલ ઓડીટ કરવામાં આવ્યું છે કે કેમ, અને

(૩) જો હા, તો ઉકત રીવ્યુ અથવા સ્પેશીયલ ઓડીટમાં કેવા પ્રકારની ગેરરીતિ સામે આવી?

----

## અમદાવાદ જિલ્લામાં વ્હાલી દિકરી યોજના

15/8/651 *9 **શ્રી બાબુભાઇ જમનાદાસ પટેલ (દસક્રોઇ):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્હાલી દીકરી યોજનામાં અમદાવાદ જીલ્લામાં કેટલી અરજીઓ મળી,

(૨) ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને કેટલી નામંજૂર કરવામાં આવી છે, અને

(૩) ઉકત અરજીઓ નામંજૂર થવાના શું કારણો છે?

----

## અમદાવાદ જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના

15/8/650 *10 **શ્રી કનુભાઇ કરમશીભાઇ પટેલ (સાણંદ):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લામાં કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી છે, અને

(૩) ઉકત સ્થિતિએ લાભાર્થીઓને કેટલી રકમની સહાયની ચૂકવણી કરવામાં આવી?

----

## સંખેડા તાલુકામાં પંચેશ્વર ગામે ઉચ્છ નદી ઉપર ચેકડેમ બાબત

15/8/227 *11 **શ્રી અભેસિંહ મોતીભાઇ તડવી (સંખેડા):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:.

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકામાં પંચેશ્વર ગામે ઉચ્છ નદી ઉપર ચેકડેમ મંજૂર કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ ચેકડેમ માટે કેટલી રકમ ફાળવવામાં આવી છે, અને

(૩) આનાથી કેટલા ગામોને પાણીની સુવિધા પ્રાપ્ત થશે ?

----

## સરકારી જમીનો સ્પેશિયલ ઈકોનોમિક ઝોન માટે ફાળવવા

15/8/617 *12 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા:૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સરકારી જમીનો જ્યારે SEZ માટે ફાળવવામાં આવે છે, ત્યારે ડેવલોપરે નિયમ મુજબ રૂપાંતર વેરાની રકમ ભરવાની રહે છે કે કેમ,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ કચ્છ જીલ્લામાં કેટલા ડેવલોપર્સ પાસેથી આવી કેટલી રકમ વસૂલવાની બાકી છે અને વસૂલાત માટે સરકારે શાં પગલાં લીધા છે,

(૩) ઉક્ત સ્થિતિએ SEZ ડેવલોપર્સને રૂપાંતર વેરામાં કોઈ ખાસ માફી આપવામાં આવી છે કે કેમ,અને

(૪) જો હા, તો કેટલા ડેવલોપર્સ ને કેટલા રૂપિયાની રાહત આપવામાં આવી છે?

----

## પંચમહાલ જિલ્લામાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ

15/8/644 *13 **શ્રી સી.કે.રાઉલજી (ગોધરા):**

**ખાણ અને ખનિજ :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત

થયેલ માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ ફાળવણી અંગે કોઈ જોગવાઈ કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે?

----

## ઉમરગામ તાલુકામાં દમણગંગા નહેર યોજના દ્વારા ઉદ્યોગોને પાણી

15/8/310 *14 **શ્રી રમણલાલ નાનુભાઇ પાટકર (ઉમરગામ ):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિમંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉમરગામ તાલુકામાં ઉધોગોને દમણગંગા નહેર યોજના દ્વારા કેટલુ પાણી આપવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે માટે સરકારને કેટલી આવક થઈ?

----

## જંબુસર આમોદ વિસ્તાર માં ડોલીયા દેણવા બ્રિજ બાબત

15/8/589 *15 **શ્રી ડી.કે.સ્વામી (જંબુસર):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ જંબુસર તાલુકામાં ડોલીયા દેનવા બ્રીજ બનાવાની કામગીરી ખૂબ જ ધીમી ગતિથી ચાલી રહેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉકત બ્રીજની કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવનાર છે?

----

## જુનાગઢ જિલ્લામાં મહી ઈમરજન્સી સુધારણા જુથ પાણી પુરવઠા યોજના

15/8/625 *16 **શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી (માણાવદર):**

**પાણી પુરવઠા :-**

માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ જુનાગઢ જીલ્લામાં દેવગઢ ભેસાણ બલ્ક પાઈપલાઈન આધારીત મહી ઈમરજન્સી સુધારણા જુથ પાણી પુરવઠા યોજના

કયારે શરૂ કરવામાં આવેલ છે, અને

(૨) આ યોજનાની અંદાજીત રકમ કેટલી છે?

----

## પંચમહાલ જિલ્લામાં ગેરકાયદે ખનન

15/8/535 *17 **શ્રી જેઠાભાઇ આહીર(ભરવાડ) (શહેરા):**

**ખાણ અને ખનિજ :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલી જગ્યાએ ગેરકાયદે ખનન થયેલ હોવાની કેટલી ફરિયાદો મળી,

(૨) મળેલ ફરિયાદો અન્વયે શા પગલાં લેવામાં આવ્યા,

(૩) ઉકત ગામોમાં કેટલુ ગેરકાયદેસર ખનન થયું હોવાનું સામે આવ્યું, અને

(૪) આ બાબતે કેટલા ઈસમો સામે સરકારે શી કાર્યવાહી કરી?

----

## ભાવનગર જીલ્લાના ભુંડરખા-૧ થી ભુંડરખા-૨ રસ્તા પર મેજર બ્રિજ બનાવવા

15/8/632 *18 **શ્રી ભીખાભાઇ રવજીભાઇ બારૈયા (પાલીતાણા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જીલ્લાના પાલીતાણા તાલુકાના ભુંડરખા-૧ થી ભુંડરખા-૨ રસ્તા પર મેજર બ્રીજ બનાવવાના કામને મંજુરી આપવા કોઈ કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) ઉકત સ્થિતિએ ઉકત કામગીરી કયા તબક્કે છે?

----

## વડોદરા જિલ્લાના ભીમપુરા-સમીયાલા ચાણસદ રોડને રીસરફેસીંગ કરવા બાબત

15/8/628 *19 **શ્રી ચૈતન્યસિંહ પ્રતાપસિંહ ઝાલા (પાદરા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લ બે વર્ષમાં વડોદરા જીલ્લાના

ભીમપુરા-સમીયાલા ચાણસદ (વેસ્ટર્ન બાયપાસ) રોડને રીસરફેસીંગ કરવા માટે સરકારે શું કાર્યવાહી કરી,

(૨) ઉકત સ્થિતિએ કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી,અને

(૩) ઉકત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે?

----

## સુખી સિંચાઇ યોજનાની નહેરોનું નવીનીકરણ કરવા બાબત

15/8/612 *20 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ સુખી સિંચાઇ યોજનાની નહેરોનું નવીનીકરણ કરવા માટે રાજય સરકારે આયોજન કરેલું છે કે કેમ,
(૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરી હાલ કયા તબક્કામાં છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ જમણા કાંઠાના ઉપરના ભાગની જમીનોને પિયતનો લાભ આપવામાં આવનાર છે કે કેમ?

----

## પંચમહાલ અને અરવલ્લી જિલ્લામાં ગેરકાયદે ખનન

15/8/732 *21 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**ખાણ અને ખનિજ :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાણ ખનીજ પ્રભાગ દ્વારા પંચમહાલ અને અરવલ્લી જિલ્લામાં ખાણ ખનીજનું ગેરકાયદેસર ખનન કરતાં કેટલા લોકો સામે ફરિયાદ દાખલ કરવામાં આવી,

(૨) ઉકત સ્થિતિએ ઉકત ફરિયાદ અન્વયે કેટલા લીઝના પરવાના રદ કરવામાં આવ્યા, અને

(૩) કેટલા વાહનો અને કેટલા રૂપિયાની સંપત્તિ જપ્ત કરવામાં આવી?

----

## અમદાવાદ-મહેસાણા ટોલ રોડ પર ટોલ ટેક્ષ ઉઘરાવવા બાબત

15/8/716 *22 **ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ અમદાવાદ-મહેસાણા ટોલ રોડ પર વાહનો પાસેથી ટોલ ટેક્ષ ઉઘરાવાનું કામ કઈ એજન્સીને કયારે અને કેટલા સમય માટે સોંપવામાં આવ્યું,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉકત એજન્સી દ્વારા કેટલી રકમનો ટોલ ટેક્ષ ઉઘરાવામાં આવ્યો,

(૩) ઉકત સ્થિતિએ ટોલ ટેક્ષ ઉઘરવાની સમય અવધિ કયારે પૂર્ણ થનાર છે, અને

(૪) તે અન્વયે અવધી પૂર્ણ થયે ટોલ ટેક્ષ ઉઘરાવાનું બંધ કરવા સરકારે શા આદેશ કર્યા છે?

----

## બાલાસિનોર,વિરપુર, કપડવંજ અને કઠલાલ તાલુકામાં સુજલામ સુફલામ યોજના અંતર્ગત તળાવો ભરવા

15/8/685 *23 **શ્રી માનસિંહ કોહ્યાભાઈ ચૌહાણ (બાલાસિનોર):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાલાસિનોર, વિરપુર, કપડવંજ અને કઠલાલ તાલુકાઓમાં તળાવોને સુજલામ સુફલામ યોજના હેઠળ પાઈપ લાઈન મારફતે ભરવાનું કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ તળાવો કયાં સુધીમાં ભરવામાં આવનાર છે, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

----

## તાપી અને સુરત જિલ્લામાં આવેલ ગામોને જોડતા માર્ગોનું રિસર્ફેસિંગ

15/8/517 *24 **શ્રી મોહનભાઇ ધનજીભાઇ ઢોડિયા (મહુવા (એસ.ટી.)):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી અને સુરત જિલ્લામાં આવેલ મહુવા, બારડોલી અને વાલોડ તાલુકામાં ૨૫૦ થી ૫૦૦ ની વસ્તી ધરાવતા ગામોને જોડતા માર્ગોનું રિસર્ફેસિંગ નું કામ કરવામાં આવ્યું છે કે કેમ,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ ઉકત કેટલા તાલુકાના ગામોના રસ્તાનું રીસર્ફેસિંગ કરવામાં આવેલ છે , અને

(૩) ઉકત બાકી વિસ્તારોના બિસ્માર રસ્તા રીસર્ફેસિંગ કયારે કરવામાં આવનાર છે?

----

## ગાંધીનગર અને બનાસકાંઠા જિલ્લામાં ગેરકાયદે ખનન

15/8/707 *25 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**ખાણ અને ખનિજ :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાણ ખનિજ પ્રભાગ દ્વારા ગાંધીનગર અને બનાસકાંઠા જિલ્લામાં ખાણ ખનીજનું ગેરકાયદેસર ખનન કરતાં કેટલા લોકો સામે ફરિયાદ દાખલ કરવામાં આવી,

(૨) ઉકત સ્થિતિએ ઉકત ફરિયાદ અન્વયે કેટલા લીઝના પરવાના રદ કરવામાં આવ્યા, અને

(૩) કેટલા વાહનો અને કેટલા રૂપિયાની સંપત્તિ જપ્ત કરવામાં આવી?

----

## અમદાવાદ જિલ્લા અને શહેરમાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ

15/8/545 *26 **શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૨૫/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં જમીનને બીનખેતીમાં તબદીલ કરવા માટેની કેટલી અરજીઓ આવી, અને

(૨) ઉકત સ્થિતિએ તે પૈકીની કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી અને કેટલી અરજીઓ પડતર રહી છે?

----

## જળસંગ્રહ માટે રબર ડેમ બનાવવા બાબત

15/8/498 *27 **શ્રી સંજય સુખાભાઈ કોરડીયા (જૂનાગઢ):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં ઓઝત નદીના કાંઠે નાગલપુર ગામ પાસે રબર ડેમ બનાવવા માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે?

----

## કલ્પસર યોજનાની કામગીરી

15/8/663 *28 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા):**

**કલ્પસર :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કલ્પસર યોજના હાલ કયા તબક્કે છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉકત યોજનાને કેટલી ગ્રાન્ટ ફાળવી અને તે પૈકી કેટલી રકમનો ખર્ચ થયો, અને

(૩) આ પ્રોજેકટ કયા વર્ષમાં પૂર્ણ કરવાનું સરકારનું આયોજન છે?

----

## અનુસુચિત જનજાતિના રોસ્ટર પોઈન્ટ બાબત

15/8/734 *29 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):**

**સામાન્ય વહિવટ :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અનુસુચિત જનજાતિના જિલ્લા રોસ્ટર પોઈન્ટ પાછળ મુકવામાં આવ્યા છે તે નિયત જગ્યાએ મુકવા માટેની કેટલી રજુઆતો સરકારને મળી, અને

(૨) ઉકત સ્થિતિએ ઉકત રજુઆતો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવેલ છે?

----

## મહેસાણા જિલ્લામાં નવા પાતાળકુવા બનાવવા

15/8/626 *30 **શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ (કે.કે.પટેલ) (ઉંઝા):**

**પાણી પુરવઠા :-**

માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં પાણી પુરવઠા વિભાગ દ્વારા કેટલા નવા પાતાળકુવા કરવામાં આવ્યા, અને

(૨) જે પૈકી ઉકત સ્થિતિએ કેટલા પાતાળકુવામાં પાણી પુરવઠો ચાલુ સ્થિતિમાં છે?

----

## અમરેલી જિલ્લાની ઈશ્વરીયા જુથ સુધારણા પાણી પુરવઠા યોજના

15/8/648 *31 **શ્રી જનકભાઇ તળાવિયા (લાઠી):**

**પાણી પુરવઠા :-**

માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ અમરેલી જિલ્લાના અમરેલી, લાઠી તથા લીલીયા તાલુકાના ગામોને સમાવતી ઈશ્વરીયા જુથ સુધારણા પાણી પુરવઠા યોજનાના કામો હાથ ધરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ આ યોજનાકીય કામો કયા તબક્કે છે,

(૩) આ યોજનાનો સોર્સ શું છે, અને

(૪) આ યોજનાથી કેટલા ગામોને લાભ થનાર છે?

----

## કચ્છ જિલ્લામાં બનાવવામાં આવેલ ચેકડેમ

15/8/620 *32 **શ્રી અનિરૂધ્ધ ભાઇલાલ દવે (માંડવી):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલા નવા ચેકડેમ બાંધવામાં આવેલ છે,

(૨) આ નવા ચેકડેમોથી પાણીની કેટલી સંગ્રહશક્તિ ઉભી થઈ, અને

(૩) ઉકત નવા ચેકડેમોના બાંધકામ માટે કેટલો ખર્ચ થયો?

----

## આર્સેલર મિત્તલ સ્ટીલ ઈન્ડીયા દ્વારા સરકારી જમીન પર દબાણ

15/8/399 *33 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ હજીરા ખાતે આર્સેલર મિત્તલ સ્ટીલ ઈન્ડિયા દ્વારા ગેરકાયદેસર દબાણ-જમીન ઉપર કબજો કરેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ સરકારી જમીન ઉપર દબાણ અને ગેરકાયદેસર કબજા સંદર્ભે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવેલ છે,

(૩) ઉકત સ્થિતિએ કેટલી જમીન ખુલ્લી કરાવી કબજો પરત લેવામાં આવ્યો અને કેટલી રકમ દંડ પેટે વસુલવામાં આવી, અને

(૪) ઉકત સ્થિતિએ સરકારી જમીન ઉપર કબજા સંદર્ભે લેન્ડ ગ્રેબિંગનો ગુનો નોંધી કોઈ કાર્યવાહી કરેલ છે કે કેમ?

----

## આણંદ જિલ્લાના સંદેશર અગાસ વાયા પ્રિતમપુરા રસ્તાને રિસરફેસ કરવા બાબત

15/8/629 *34 **શ્રી યોગેશ આર. પટેલ (આણંદ):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ આણંદ જિલ્લાના આણંદ તાલુકાના સંદેશર અગાસ વાયા પ્રિતમપુરા રસ્તો રીસરફેસ માટે મંજૂર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી?

----

## નખત્રાણા-નારાયણસરોવર માર્ગ ફોરલેન બનાવવા

15/8/481 *35 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નખત્રાણા-નારાયણ સરોવર માર્ગ ફોરલેન બનાવવા માટે રાજ્ય સરકારે કોઈ કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ, અને
(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ ઉક્ત કાર્યવાહી ક્યા તબક્કે છે?

----

## ગીર સોમનાથ જિલ્લામાં નવા રસ્તાઓ બનાવવા બાબત

15/8/722 *36 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના પ્રભાસ પાટણ શહેરમાં માર્ગ-મકાન વિભાગ હસ્તકના કેટલા નવા રસ્તાઓ બનાવવામાં આવ્યા, અને

(૨) ઉકત સ્થિતિએ ઉકત નવા રોડ બન્યા બાદ કયા કારણોસર ઉકત રોડ તોડવામાં આવ્યા?

----

**દાંતા અને અમીરગઢ તાલુકાના રસ્તાઓને જોબ નંબર ફાળવવા બાબત**

15/8/705 *37 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકાના કયા રસ્તાઓને જોબ નંબરો આપવામાં આવ્યા, અને

(૨) ઉકત સ્થિતિએ ઉકત મંજુર રસ્તાઓ માટે કેટલી રકમ ફાળવવામાં આવી?

----

**તાપી જિલ્લામાં સંપ અને પાણીના ટાંકા બનાવવા બાબત**

15/8/720 *38 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**પાણી પુરવઠા :-**

માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી જિલ્લામાં તાલુકાવાર પાણી પુરવઠા વિભાગ દ્વારા કેટલા સંપ અને ઊંચા પાણીના ટાંકા બનાવવામાં આવ્યા, અને

(૨) ઉકત સ્થિતિએ ઉકત કામો માટે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

**નસવાડી તાલુકાના ધણિયા ઉમરવા તળાવની કેનાલો બનાવવા**

15/8/228 *39 **શ્રી અભેસિંહ મોતીભાઇ તડવી (સંખેડા):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના ધણિયા ઉમરવા તળાવની કેનાલો બનાવવા માટે કેટલી રકમની મંજૂરી ક્યારે મળી,
(૨) ઉકત સ્થિતિએ કામગીરી પૂર્ણ થયે કેટલી જમીનમાં સિંચાઈનો લાભ મળશે, અને
(૩) ઉકત સ્થિતિએ કામગીરી કયા તબક્કામાં છે ?

----

## કચ્છ જીલ્લામાં ખાનગી બંદરના વિકાસકાર પાસેથી વોટરફ્રન્ટ રોયલ્ટી રકમ વસુલવા

15/8/619 *40 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર)ઃ**

**બંદરો :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તાઃ૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જીલ્લામાં ખાનગી બંદરના કેટલા વિકાસકાર પાસેથી વોટરફ્રન્ટ રોયલ્ટી પેટે કેટલી રકમ સરકારમાં ભરપાઈ કરવામાં આવી,
(૨) ઉક્ત સ્થિતિએ કેટલા વિકાસકાર પાસેથી કેટલી રકમની વસુલાત બાકી છે, અને
(૩) ઉક્ત વસુલાત ક્યાં સુધીમાં કરવામાં આવશે?

----

## પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં રી સર્વે પ્રમોલગેશન બાદ ક્ષતિ સુધારવાની અરજીઓ

15/8/536 *41 **શ્રી જેઠાભાઇ આહીર(ભરવાડ) (શહેરા)ઃ**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં રી સર્વે પ્રમોલગેશન બાદ કેટલા ગામોની જમીનના નકશામાં રહેલ ભુલો અને ફેરફારો બદલવા અંગેની કેટલી અરજીઓ સરકારને મળેલ છે,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૩) ઉકત સ્થિતિએ કેટલી અરજીઓનો કયા કારણોસર નિકાલ કરવાનો બાકી છે?

----

## છોટાઉદેપુર જીલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ

15/8/613 *42 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**વહિવટી સુધારણા અને તાલીમ :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (વહીવટી સુધારણા અને તાલીમ ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જીલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં કેટલા કાર્યક્રમ યોજવામાં આવ્યા,

(૨) ઉકત સ્થિતિએ આ કાર્યક્રમ હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં કેટલી અરજીઓ આવી, અને

(૩) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ?

----

## ગુજરાત જાહેર સેવા આયોગમાં ખાલી સભ્ય સંખ્યા

15/8/717 *43 **ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**સામાન્ય વહિવટ :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ગુજરાત જાહેર સેવા આયોગની મંજુર થયેલ સભ્ય સંખ્યા પૈકી કેટલી જગ્યા કેટલા સમયથી ખાલી છે,

(૨) ઉકત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શાં છે, અને

(૩) ઉકત ખાલી જગ્યાઓ ભરવા શી કાર્યવાહી હાથ ધરેલ છે?

----

## મહુવા, બારડોલી અને વાલોડ તાલુકામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળના માર્ગો

15/8/518 *44 **શ્રી મોહનભાઇ ધનજીભાઇ ઢોડિયા (મહુવા (એસ.ટી.)):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહુવા, બારડોલી અને વાલોડ તાલુકામાં આવેલા મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત નોન-પ્લાન માર્ગોનુ રિસર્ફેસિંગ ક્યારે કરવામાં આવ્યું,

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ રસ્તાઓનું રિસર્ફેસિંગ કરવા શી કાર્યવાહી હાથ ધરેલ છે, અને

(૩) ઉકત રસ્તાઓના રિસર્ફેસિંગનું કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

----

## રાજ્યની નગરપાલિકાને જમીન ફાળવવા બાબત

15/8/546 *45 **શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ આવશ્યક નાગરિક સેવાઓ લોકોને સરળતાથી મળી રહે તે માટે અમુક સેવાઓ માટે સરકારે રાજ્યની નગરપાલિકાઓને મફત જમીન આપવાનું નક્કી કર્યું છે તે હકીકત સાચી છે કે કેમ,અને

(૨) જો હા, તો સરકારે આ રીતે મફત જમીન કયારથી આપવાનું નક્કી કર્યુ છે અને કઈ સેવાઓ માટે કેટલી જમીન આપવાનું નિયત કરેલ છે?

----

## રાજ્યમાં કુપોષણથી પીડાતા બાળકો માટે બજેટ જોગવાઈ

15/8/665 *46 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કુપોષણથી પીડાતા બાળકો માટે વિભાગના બજેટમાં વર્ષવાર કેટલી જોગવાઈ કરવામાં આવી, અને

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ બચત રહી?

----

## નવસારી અને વલસાડ જિલ્લામાં ગેરકાયદે ખનન

15/8/735 *47 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):**

**ખાણ અને ખનિજ :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાણ ખનીજ પ્રભાગ દ્વારા નવસારી અને વલસાડ જિલ્લામાં ખાણ ખનીજનું ગેરકાયદેસર ખનન કરતા

કેટલા લોકો સામે ફરિયાદ દાખલ કરવામાં આવી,

(૨) ઉકત સ્થિતિએ ઉકત ફરિયાદ અન્વયે કેટલા લીઝના પરવાના રદ કરવામાં આવ્યા, અને

(૩) કેટલા વાહનો અને કેટલા રૂપિયાની સંપત્તિ જપ્ત કરવામાં આવી?

----

## સુરેન્દ્રનગર અને કચ્છ જિલ્લામાં ગેરકાયદે ખનન

15/8/726 *48 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**ખાણ અને ખનિજ :-**
માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાણ-ખનીજ પ્રભાગ દ્વારા સુરેન્દ્રનગર અને કચ્છ જિલ્લામાં ખાણ ખનીજનું ગેરકાયદેસર ખનન કરતા કેટલા લોકો સામે ફરિયાદ દાખલ કરવામાં આવી,

(૨) ઉકત સ્થિતિએ ઉકત ફરિયાદ અન્વયે કેટલા લીઝના પરવાના રદ કરવામાં આવ્યા, અને

(૩) કેટલા વાહનો અને કેટલા રૂપિયાની સંપત્તિ જપ્ત કરવામાં આવી?

----

## નખત્રાણા અને ખોંભડી કોમ્પલેક્ષ પાણી પુરવઠા યોજનાના કામો

15/8/479 *49 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**પાણી પુરવઠા :-**
માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કચ્છ જીલ્લામાં નખત્રાણા કોમ્પલેક્ષ અને ખોંભડી કોમ્પલેક્ષ પાણી પુરવઠા સુધારણા યોજના હેઠળ કેટલી રકમ મંજુર કરવામાં આવી,
(૨) ઉકત યોજનાના કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે,અને
(૩) ઉક્ત યોજનાઓ પાછળ કુલ કેટલો ખર્ચ થનાર છે?

----

## LNG કાર્ગો માટે એફ.એસ.આર.યુ. સ્થાપવાની યોજના

15/8/724 *50 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):**

**બંદરો :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) લીકવીડીફાય નેચરલ ગેસ કાર્ગો માટે એફ.એસ.આર.યુ. સ્થાપવાની યોજનાના અમલીકરણ માટે મે. સ્વાન એલ.એન.જી. પ્રા.લી. નામની કંપનીને યોજનાનું બાંધકામ મુદત ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ લંબાવામાં આવેલ હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ઉકત કામ કયા તબક્કે છે, અને

(૩) ઉકત કામ સમય-મર્યાદામાં પૂર્ણ ન થયેલ હોય તો ઉકત સ્થિતિએ કયારે શા પગલાં લીધાં?

----

## રાજ્યમાં કાર્યરત શક્તિસદન યોજના

15/8/721 *51 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા ૨૩/૦૧/૨૦૨૧ની નવી માર્ગદર્શિકા મુજબ મિશન શક્તિ પેટા યોજના સામર્થ્ય હેઠળ કેન્દ્ર સરકારની કાર્યરત સ્વધારગૃહ ઉજવાલાને સંકલિત કરી શક્તિ સદન યોજના અમલમાં મુકવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ રાજ્યમાં કેટલી શક્તિ સદન કાર્યરત છે,

(૩) ઉકત યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ના વર્ષમાં બજેટમાં કેટલી રકમ ફાળવાઈ, અને

(૪) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

----

## છોટાઉદેપુર જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓ બાબત

15/8/229 *52 **શ્રી અભેસિંહ મોતીભાઇ તડવી (સંખેડા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં પંચાયત હસ્તકના કેટલી લંબાઈના કેટલા નવા રસ્તાઓ મંજૂર કરવામાં આવેલા છે, અને

(૨) ઉકત સ્થિતિએ મંજૂર કરેલ કેટલા રસ્તાના કામ પૂર્ણ થયા છે?

----

## પંચમહાલ જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો

15/8/537 *53 **શ્રી જેઠાભાઇ આહીર(ભરવાડ) (શહેરા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ગામતળ નીમ કરવાની કેટલી દરખાસ્ત મળી,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી દરખાસ્તો મંજુર કરવામાં આવી, અને

(૩) ઉકત સ્થિતિએ મંજુર કરેલ દરખાસ્તો પૈકી કેટલી જગ્યાએ ગામતળ નીમ કરવામાં આવેલ છે?

----

## છોટાઉદેપુર તાલુકામાં રિસર્વે પ્રમોલગેશન બાદ રહી ગયેલ ક્ષતિ સુધારવાની અરજીઓ

15/8/614 *54 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર તાલુકામાં રિસર્વે પ્રમોલગેશન બાદ કેટલી વાંધા અરજીઓ આવી, અને
(૨) ઉક્ત સ્થિતિએ કેટલા વાંધાઓનો નિકાલ કરવામાં આવ્યો ?

----

## પાટણ જિલ્લામાં ગૌચરની જમીન

15/8/718 *55 **ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર કયા ગામોમાં સરકારે ઠરાવેલ લઘુત્તમ ગૌચરની જોગવાઈથી કેટલું ઓછું ગૌચર ઉપલબ્ધ છે,

(૨) લઘુત્તમ ગૌચરથી ઓછું ગૌચર હોવાના કારણો શા છે, અને

(૩) લઘુત્તમ ગૌચરથી ઓછું ગૌચર ધરાવતા ગામોમાં કયાં સુધીમાં વૈકલ્પિક જમીનની ફાળવણી કરવામાં આવશે?

----

## અમદાવાદ શહેર અને જિલ્લામાં આંગણવાડીઓના મહેકમ બાબત

15/8/547 *56 **શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૨૫/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં કેટલી આંગણવાડીઓ આવેલી છે,

(૨) ઉકત સ્થિતિએ આ આંગણવાડીઓમાં વર્કર અને હેલ્પરની કેટલી જગ્યાઓ સામે કેટલી જગ્યાઓ ભરાયેલી છે, અને

(૩) આ આંગણવાડીઓમાં વર્કર અને હેલ્પર માટેની ભરતી છેલ્લે કયારે કરવામાં આવી?

----